सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૧૧ | ૦૩ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ: | ૧૧ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ: | ૧૭ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

## ખેડા જિલ્લાના મહેરબાન અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.

**ક્રીમીનલ પરચુરણ અરજી નંબર: ૪૯/૨૦૨૬**

**અરજદાર:–** અશ્વીનભાઈ ઉર્ફે ભુરો મોતીભાઈ રાઠોડ
ઉ.વ.આ. ૪૫, ધંધો–ખેતી,
રહે. બદરપુર સીમ વિસ્તાર, જેહાપુરા, તા. કઠલાલ, જિ. ખેડા.
**(હાલ રહે. જિલ્લા સબ જેલ બીલોદરા)**

***//વિરૂધ્ધ//***

**સામાવાળા:–** **સરકારશ્રી**

**બાબત: ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી**

*************************************************************************

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી ડી. પી. ઠાકોર
શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.આર.પટેલ

*************************************************************************

**–:: આંક–૦૧ અન્વયે હુકમ ::–**

(૧) સદર કામે અરજદાર/આરોપી કઠલાલ પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૪૦૨ ૭૨૬૦૦૨૫/૨૦૨૬થી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૬૫(એ), ૧૧૬(બી)

ના કામે જયુડીશ્યલ કસ્ટડીમા હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ−૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટેની હાલની અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી તથા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રીને સાંભળ્યા તથા પોલીસ પેપર્સ અને તપાસનીશ અમલદારે રજુ કરેલ એફીડેવીટ વંચાણે લીધું.

(૩) આ કામના ફરીયાદપક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો પરપ્રાંતીય વિદેશી દારૂના રોયલ ચેલેન્જ પ્રીમીયમ ડીલક્ષ વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી ૭૫૦ એમ.એલ.ના કુલ કાચની બોટલ નંગ ૩૬ કુલ કીંમત રૂા. ૪૬,૮૦૦/− તથા મેજીક મુમેન્ટ રીમેક્ષ ઓરેન્જ ફલેવર રેડીયન્ટ વોડકા ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી ૭૫૦ એમ.એલ. ના કાચની બોટલ નંગ ૨૧ કુલ કીમત રૂા. ૨૫,૨૦૦/− મળી તથા ૮ પી.એમ. સ્પેશ્યલ રેર વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી ૭૫૦ એમ.એલ.ના કાચની બોટલના નંગ ૨૪ કુલ કીંમત રૂા. ૨૬,૪૦૦/− તથા ઓફીસર ચોઈસ વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી ૧૮૦ એમ.એલ.ના પ્લાસ્ટીકના કવોટર નંગ ૧૪૪ કુલ કીંમત રૂા. ૧૪,૪૦૦/− તથા ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી ૭૫૦ એમ.એલ. ઓન્લી ૧૮૦ એમ.એલ.ના પ્લાસ્ટીકના કવોટર નંગ ૮૪ કુલ કીંમત રૂા. ૮,૪૦૦/− તથા ઓલ સીઝન કલેકશન રીઝર્વ વીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી ૧૮૦ એમ.એલ.ના પ્લાસ્ટીકના કવોટર ૩૦ કુલ કીંમત રૂા. ૩૦૦૦/− મળી કુલ કાચની બોટલ નંગ ૮૧ જેની કુલ કીંમત રૂા. ૯૮,૪૦૦/− તથા પ્લાસ્ટીકના કવોટર નંગ ૨૫૮ જેની કુલ કીંમત રૂા. ૨૫,૮૦૦/− મળી કુલ કિંમત રૂા. ૧,૨૪,૨૦૦/−નો પ્રોહી. મુદ્દામાલ પોતાના ઘરમાં તથા ઘરની પાછળ આવેલા વાડામા મુકી રાખી આરોપી અશ્વીનભાઈ ઉર્ફે ભુરો મોતીભાઈ રાઠોડનાઓ સ્થળ પર હાજર નહી મળી આવી ગુનો કરેલ છે. જે મતલબની કઠલાલ પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોંધવામા આવેલી.

(૪) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમા મુખ્યત્વે એવી રજુઆત કરેલી છે કે, અરજદાર/આરોપી તદન નિર્દોષ છે. અરજદાર/આરોપીને સદર ગુનામા ખોટી રીતે સંડોવી દેવામા આવેલ છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ પ્રથમ દૃષ્ટિએ ગંભીર આક્ષેપો જણાતા નથી. સદર ગુનાના કામે કલમ જોતા ટ્રાયલ ચલાવવાની સત્તા નામદાર ટ્રાયલ કોર્ટને છે. અરજદાર પાસેથી ગુના સબંધે કોઈ મુદ્દામાલ રીકવર કે ડીસ્કવર કરેલ નથી કે કરવાનો બાકી નથી. અરજદાર/આરોપીના કબ્જામાંથી કોઈ પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ નથી. અરજદાર / આરોપી અરજીમા જણાવેલ સરનામે સ્થાનીક રહેવાસી છે તેમજ કયાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર/ આરોપી સ્થાવર તથા જંગમ મીલકત ધરાવે છે. વધુમાં નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની અરજદાર/આરોપી ખાત્રી આપતા હોય અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલી છે.

(૫) શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, અરજદાર/ આરોપી વિરૂધ્ધ કઠલાલ પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૪૦૨૭૨૬૦૦૨૫/ ૨૦૨૬થી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૬૫(એ), ૧૧૬(બી) મુજબનો ગુનો નોંધાયેલ છે. અરજદાર/ આરોપીએ તેઓના ઘરમાં તથા ઘરની પાછળ આવેલ વાડામા ઈગ્લીશ દારૂના જથ્થો રાખેલ છે. મોટા પ્રમાણમા પ્રોહીબીશન મુદ્દામાલ પકડાયેલ છે. અરજદાર/આરોપી સામે અગાઉ કઠલાલ પો. સ્ટે. ખાતે આવા જ પ્રકારનો ગુનો નોંધાયેલ છે. અરજદાર/આરોપી દારૂના ધંધા સાથે સંકળાયેલ છે. સદર ગુનાની તપાસ હાલમા બાકી છે. વધુમાં વિધ્વાન એ.પી.પી. શ્રીએ તપાસ કરનાર અમલદારે જે સોગંદનામું રજુ કરેલ છે તે ધ્યાને લઈ અરજદાર/ આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) બંને પક્ષની રજુઆતો, જામીન અરજીની હકીકત, રજુ થયેલ તમામ પોલીસ પેપર્સ, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વગેરે ધ્યાને લીધા. અરજદાર/આરોપી ઉપર કઠલાલ પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૪૦૨૭૨૬૦૦૨૫/૨૦૨૬થી

પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૬૫(એ), ૧૧૬(બી) ગુનાનો આક્ષેપ છે. રજુ થયેલ પેપર્સ વંચાણે લેતાં અરજદાર/આરોપીએ તેઓના ઘરમાં તથા ઘરની પાછળ આવેલ વાડામા ઈગ્લીશ દારૂના જથ્થો ભરેલ છે. સદર ગુનાની તપાસ હાલમા પ્રાથમીક તબકકે છે. મોટા પ્રમાણમાં પ્રોહીબીશન મુદ્દામાલ પકડાયેલ છે. જો અરજદાર/ આરોપીને હાલ ના તબકકે જામીન ઉપર મુકત કરવામા આવે તો પુરાવા સાથે ચેડા થવાની સંભાવના નકારી શકાય તેમ નથી. જેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ હેઠળની રેગ્યુલર જામીન અરજી હાલના તબકકે વિવેકબુધ્ધિની સત્તા વાપરી મંજુર કરવી ન્યાયી, વ્યાજબી અને યોગ્ય જણાતી નથી. જેથી શ્રીસરકાર તરફે થયેલ દલીલો ગ્રાહય રાખી ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## –:: આખરી હુકમ ::–

અરજદાર/આરોપીની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૪૮૩ અન્વયેની ક્રીમીનલ પરચુરણ અરજી નં. ૪૯/૨૦૨૬ **નામંજૂર** કરવામાં આવે છે.

– આ હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશન તથા સંબંધિત અદાલતને મોકલી આપવી.

હુકમ આજરોજ તા. ૧૭, માહે માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૭/૦૩/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ